પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૭૬ | ૨૭ મે, ૨૦૨૨, શુક્રવાર; વૈશાખ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# પહેલીથી વાહનનો ઈન્સ્યોરન્સ મોંઘો થશે

**એન્જિન પ્રમાણે રિકવરી : સરકારે થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સનો ન્યૂનતમ દર વધાર્યો : માર્ગ અને પરિવહન મંત્રાલયે એક નોટિફિકેશન બહાર પાડીને કહ્યું કે મોટર ઈન્સ્યોરન્સ પ્રીમિયમમાં છેલ્લો ફેરફાર ૨૦૧૯-૨૦માં કરવામાં આવ્યો હતો**

નવી દિલ્હી, તા.૨૬

સરકારે થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સનો ન્યૂનતમ દર વધાર્યો, ૧ જૂનથી મોંઘો થશે મોટર ઈન્સ્યોરન્સ; હવે એન્જિન પ્રમાણે થશે રિકવરી

સમગ્ર દેશ અને દુનિયા હાલ મોંઘવારીના વિષચક્રમાં કચડાઈ રહી છે. ત્યારે ભારતમાં સામાન્ય જનતાને મોંઘવારીનો વધુ એક માર પડવા જઈ રહ્યો છે. કાર સહિત અન્ય ડ્રાઈવરોનો ખર્ચ આગામી મહિનાથી વધી રહ્યો છે.

૧ જૂન, ૨૦૨૨થી કારની વીમા કિંમતમાં વધારો થશે એટલેકે મોટર ઈન્સ્યોરન્સના પ્રીમિયમ વધી રહ્યાં છે. કેન્દ્ર સરકારે બુધવારે થર્ડ પાર્ટી મોટર વાહન વીમાના



પ્રીમિયમ દરમાં વધારો કર્યો છે. હવે કારના એન્જિન પ્રમાણે પ્રીમિયમમાં વધુ રકમ ચૂકવવી પડશે.

માર્ગ અને પરિવહન મંત્રાલયે એક નોટિફિકેશન બહાર પાડીને કહ્યું કે મોટર ઈન્સ્યોરન્સ પ્રીમિયમમાં છેલ્લો ફેરફાર ૨૦૧૯-૨૦માં કરવામાં આવ્યો હતો. કોરોના મહામારીના સમયમાં તેમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. હવે અલગ-અલગ એન્જિન ક્ષમતા પ્રમાણે થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સનો દર વધારવામાં આવી રહ્યો છે. પ્રીમિયમના નવા દર ૧ જૂનથી લાગુ થશે.

નોટિફિકેશન અનુસાર ૧૦૦૦ સીસીથી ઓછી એન્જિન ક્ષમતાવાળા વાહનો માટે થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સનું પ્રીમિયમ રૂ. ૨૦૯૪ નક્કી કરવામાં આવ્યું છે. ૨૦૧૯-૨૦માં આ રકમ ૨૦૭૨ રૂપિયા હતી. એ જ રીતે ૧૦૦૦ સીસીથી ૧૫૦૦ સીસી સુધીના વાહનો પર થર્ડ પાર્ટી વીમાનું પ્રીમિયમ ૩૨૨૧ રૂપિયાથી વધારીને ૩૪૧૬ રૂપિયા કરવામાં આવ્યું છે. જોકે ૧૫૦૦ સીસીથી વધુના વાહનો માટે થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સ પ્રીમિયમમાં નજીવો વધારો થયો છે. તે બે વર્ષ પહેલા ૭૮૯૦ રૂપિયા હતુ જે હવે સરકારે વધારીને ૭૮૯૭ રૂપિયા કર્યું છે.

૧૦૦૦ સીસી કાર માટે લઘુત્તમ ત્રણ વર્ષનું લમ્પ-સમ પ્રીમિયમ હવે રૂ. ૬૫૨૧ નક્કી કરવામાં આવ્યં છે, જ્યારે ૧,૦૦૦ સીસીથી ૧,૫૦૦ સીસીની રેન્જવાળા વાહનો માટે ત્રણ વર્ષનું લમ્પ-સમ પ્રીમિયમ હવે રૂ. ૧૦,૬૪૦ રહેશે.

## મહારાષ્ટ્રના કેબિનેટ મંત્રી અનિલ પરબને ત્યાં ઈડીના વ્યાપક દરોડા

**મની લોન્ડ્રિંગ કેસમાં મહારાષ્ટ્રના કેબિનેટ મંત્રી પર શિકંજો કસાયો : શિવસેનાના નેતા સામે નવો કેસ નોંધાવ્યા બાદ પુણે, મુંબઈ, દાપોલીમાં પરબના આવાસ સહીત સાત સ્થળો પર તપાસ**

મુંબઈ, તા.૨૬



મહારાષ્ટ્રના કેબિનેટ મંત્રી અને શિવસેનાના નેતા અનિલ પરબ સાથે સબંધિત મુંબઈ અને પુણે સ્થિત સાત સ્થળો પર આજે ઈડીએ દરોડા પાડ્યા છે. આ કાર્યવાહી મની લોન્ડ્રિંગ મામલે કરવામાં આવી છે. આ દરોડા પુણે, મુંબઈ અને દપોલીમાં પાડવામાં આવ્યા છે. તપાસ એજન્સી દ્વારા મની લોન્ડ્રિંગની ગુનાહિત ધારાઓ હેઠળ શિવસેનાના નેતા સામે નવો કેસ નોંધાવ્યા બાદ પુણે, મુંબઈ અને દાપોલીમાં પરબના આવાસ સહીત સાત સ્થળો પર તપાસ હાથ ધરવામાં આવી છે. અનિલ પરબની પૂર્વ મંત્રી અનિલ દેશમુખ સાથે સબંધિત એક અન્ય મની લોન્ડ્રિંગ મામલે ઈડીદ્વારા પૂછપરછ કરવામાં આવી ચૂકી છે. તમને જણાવી દઈએ કે, તાજેતરમાં જ અમરાવતીની સાંસદ નવનીત રાણાએસીબીઆઈને મુંબઈના પોલીસ કમિશનર સંજય પાંડે અને શિવસેના નેતા અનિલ પરબ વિરુદ્ધ ફરિયાદ કરી હતી. નવનીત રાણાનો આરોપ છે કે, તેમની ધરપકડ દરમિયાન મુંબઈ પોલીસએ તેમની સાથે ગેરવર્તણૂક કરી હતી. નવનીત રાણાના જણાવ્યા પ્રમાણે તેમની ફરિયાદ સીબીઆઈએ લઈ લીધી છે.

# પરિવારવાદ યુવાનોના સ્વપ્નને કચડી નાખે છે : મોદી

**પરિવાર સમર્પિત પાર્ટીના સભ્યો ભ્રષ્ટાચારનો ચહેરો બને છે : ટીઆરએસ પર નિશાન સાધતા વડાપ્રધાન : રાજકીય વંશવાદના કારણે યુવાનો, પ્રતિભાઓને રાજકારણમાં આવવાની તક પણ નથી મળતી : વડાપ્રધાન**



હૈદરાબાદ, તા.૨૬

તેલંગાણામાં ટીઆરએસ સરકાર પર નિશાન સાધતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરૂવારે કહ્યું કે, જ્યારે એક પરિવારને સમર્પિત પાર્ટીઓ સત્તામાં આવે છે ત્યારે તે પરિવારના સભ્યો ભ્રષ્ટાચારનો સૌથી મોટો ચહેરો બની જાય છે. રાજ્યમાં એક જનસભાને સંબોધિત કરતા મોદીએ કહ્યું કે, રાજકીય વંશવાદના કારણે યુવાનો, પ્રતિભાઓને રાજકારણમાં આવવાની તક પણ નથી મળતી. પરિવારવાદ આવા યુવાનોના દરેક સ્વપ્નને કચડી નાખે છે અને તેમના માટે રાજકારણમાં પ્રવેશવાના દરવાજા બંધ કરી દે છે.

● અનુસંધાન પાન-૭ પર

## જાતિ વસતી ગણતરી સિવાય કોઈ વિકલ્પ નથી : શરદ પવાર

**એનસીપીના ઓબીસી સેલની બેઠકને સંબોધન**

નવી દિલ્હી, તા.૨૬

રાષ્ટ્રીવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના પ્રમુખ શરદ પાવરે જાતિ વસ્તી ગણતરીની માગ



ઉઠાવી હતી. તેમણે કહ્યું હતું કે, સામાજિક સમાનતા સુનિશ્ચિત કરવા માટે આ જરૂરી છે. એનસીપીના ઓબીસીસેલની બેઠકને સંબોધતા પવારે કહ્યું હતું કે, દરેક વ્યક્તિને તે મળવું જોઈએ જેનો તે હકદાર છે.

પૂર્વ કેન્દ્રીય મંત્રીએ કહ્યું હતુ કે, અમે કંઈ પણ મફતમાં નથી માંગી રહ્યા. જાતિ વસ્તી ગણતરી કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. તેમણે કહ્યું હતું કે, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને બંધારણ દ્વારા અનામત આપવામાં આવ્યું હતું. જેનો તેમને ફાયદો થયો અને અન્ય પછાત વર્ગો (ઓબીસી)ને પણ સમાન જોગવાઈઓની જરૂર છે.

પવારનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે મહારાષ્ટ્રની સ્થાનિક સંસ્થાઓમાં ઓબીસીઆરક્ષણ પુનઃસ્થાપિત કરવાની માગ કરવામાં આવી રહી છે. આ વર્ષે રાજ્યમાં ઘણી સ્થાનિક સંસ્થાઓમાં પણ ચૂંટણી યોજાવા જઈ રહી છે. ઓબીસીકોટા પર ભારતીય જનતા પાર્ટી દ્વારા આઘાડીની ટીકા પર પવારે કહ્યું હતું કે, 'તમે અહીં (મહારાષ્ટ્રમાં) ૫ વર્ષ (૨૦૧૪થી ૨૦૧૯) અને દિલ્હી(કેન્દ્ર)માં ૨૦૧૪થી સત્તામાં હતા. તમે અત્યાર સુધી સૂતા હતા'?

તેમણે કહ્યું હતું કે, ઓબીસીકોટાનો મુદ્દો ઉકેલાયા બાદ જ એનસીપી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી લડશે.

## સમગ્ર વિશ્વ મોંઘવારી સામે જંગ લડી રહ્યું છે : વ્યાજદર વધારાની સંભાવના

**મોંઘવારીને કાબૂમાં લેવા ટૂંકમાં વધુ બે વ્યાજદર વધારાની આગાહી : યુએસ ફેડની સાથે વિશ્વભરની સેન્ટ્રલ બેંકો વ્યાજદર વધારો કરી રહી છે છતાં મોંઘવારી કાબૂમાં નથી આવી**

વોશિંગ્ટન, તા.૨૬

રશિયા-યુક્રેન યુદ્ધની સાથે-સાથે વિશ્વજગત મોંઘવારી સામે એક મહાજંગ લડી રહ્યું છે. વિશ્વની સૌથી મોટી સેન્ટ્રલ બેંકે ૨૦ વર્ષનો સૌથી મોટો વ્યાજદર વધારો કર્યા છતા આગામી સમયમાં મોંઘવારીને કાબૂમાં લેવા અને સિસ્ટમની લિક્વિડિટી સામે લડવા માટે નજીકના ભવિષ્યમાં જ વધુ બે વ્યાજદર વધારાની આગાહી કરી છે. જોકે યુએસ ફેડની સાથે વિશ્વભરની સેન્ટ્રલ બેંકો વ્યાજદર વધારો કરી રહી છે છતાં મોંઘવારી કાબૂમાં નથી આવી રહી અને સ્થિતિ આ પ્રમાણે જ બેકાબૂ રહેશે તો ગ્લોબલ ઈકોનોમી પર પણ ભારે દબાણ સર્જાવાની આશંકા છે. જોકે વિશ્વ બેંકના વડાએ આપેલ એક નિવેદને આજે સૌને ચોંકાવી દીધા છે.





વર્લ્ડ બેંકના પ્રમુખ ડેવિડ માલપાસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે યુક્રેનમાં રશિયા દ્વારા ચલાવવામાં આવેલ યુદ્ધ, તેની ફૂડ અને એનર્જી પ્રાઈસ પરની અસર સાથે-સાથે ખાતરના પુરવઠા વૈશ્વિક મંદી તરફ દોરી શકે છે. યુએસ ચેમ્બર ઓફ કોમર્સના એક કાર્યક્રમમાં માલપાસે જણાવ્યું હતું કે વિશ્વના ચોથા ક્રમના સૌથી મોટા જર્મનીનું અર્થતંત્ર ફૂડ અને એનર્જીની વધતી કિંમતોને કારણે પહેલાથી જ ધીમી પડી ગયું છે. બીજી બાજુ ઓછા ખાતરનું ઉત્પાદન અન્ય દેશોમાં પરિસ્થિતિને વધુ ખરાબ કરી શકે છે. માલપાસે ચોક્કસ અંદાજો જાહેર કર્યા વગર કહ્યું કે યુક્રેન અને રશિયાના અર્થતંત્રમાં નોંધપાત્ર ઘટાડો થવાની ધારણા છે. જ્યારે યુરોપ, ચીન અને અમેરિકા ધીમી ગતિએ વિકાસ કરી શકે છે. ચીનમાં કોરોના અમેરિકામાં મોંઘવારી અને વ્યાજદર વધારાની અર્થતંત્ર પર અસર અન્ય દેશોમાં અને અંતે વિકસિત દેશોમાં મંદી નોતરી શકે છે. તેમણે દાવો કર્યો હતો કે વિકાસશીલ દેશો ખાતર, ખાદ્ય પદાર્થો અને ઉર્જા સ્ત્રોતોને કારણે વધુ મુશ્કેલીઓનો સામનો

## કોંગ્રેસ સામે ફરિયાદ નથી, હવે સ્વતંત્ર અવાજ ઊઠાવીશ : સિબ્બલ

**અપક્ષ તરીકે રાજ્યભામાં ઉમેદવારી નોંધાવ્યા બાદ ટિપ્પણી**

નવી દિલ્હી, તા.૨૬

વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી કપિલ સિબલે પણ કોંગ્રેસ પાર્ટીનો સાથ છોડી દીધો છે. કોંગ્રેસ પાર્ટીમાં રહીને છેલ્લા કેટલાક સમયથી નીડરતાપૂર્વક સંગઠનાત્મક ફેરફારની વાત કરી રહેલા કપિલ સિબલે પોતાના આ પગલાં અંગે અનેક સ્પષ્ટતાઓ કરી હતી.

ઉલ્લેખનીય છે કે, કપિલ સિબલ હવે સમાજવાદી પાર્ટીના સમર્થનથી અપક્ષ તરીકે રાજ્યસભામાં જઈ રહ્યા છે. આ અંગેની સ્પષ્ટતા કરતાં કપિલ સિબલે જણાવ્યું કે, 'અનેક પાર્ટીઓએ મારા પાસે આવીને મને તેમના સાથે જોડાઈ જવા માટે આગ્રહ કર્યો હતો પરંતુ મેં નિવેદન આપી દીધેલું હતું કે હું જીવતેજીવ ભાજપમાં પણ નહીં જઉં અને કોઈ પક્ષમાં પણ નહીં જોડાઉં. મારે અખિલેશજી સાથે વાત થઈ હતી પણ મેં જાહેરમાં કહી રાખ્યું હતું તેવામાં મેં તેમને કહ્યું કે, હું કોઈ પક્ષમાં નહીં જોડાઉં, જો તમને યોગ્ય લાગે તો હું અપક્ષ તરીકે રાજ્યસભામાં ઉમેદવારી નોંધાવી શકું છું. તમને ઉચિત લાગે તો મને સપોર્ટ કરી દેજો. ત્યારે અખિલેશે





કહ્યું હતું કે, ચોક્કસ. અમે ઈચ્છીએ છીએ કે, તમારા જેવા લોકો રાજ્યસભામાં આવે, પછી ભલે તમે કોઈ પણ પક્ષમાં ન જોડાઓ.'

આટલો લાંબો સમય કોંગ્રેસમાં રહ્યા બાદ તેનો સાથ છોડવા અંગે સ્પષ્ટતા કરતા સિબલે કહ્યું કે, 'કોઈ પક્ષમાં માલિક અને કર્મચારી જેવા સંબંધો નથી હોતા.

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં કોરોનાના ૬૨૮ નવા કેસ

નવી દિલ્હી, તા.૨૬

દેશભરમાં કોરોનાના નવા આંકડા જાહેર કરવામાં આવ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કુલ ૨૬૨૮ નવા કોરોના કેસ નોંધાયા છે. તે જ સમયે, કોરોના ચેપને કારણે એક દિવસમાં ૧૮ લોકોના મોત થયા છે. આ આંકડાઓ પછી, દેશમાં એક્ટિવ કેસની કુલ સંખ્યા ફરી એકવાર ૧૫ હજારને વટાવી ગઈ છે.





# મોદી સરકારના આઠ વર્ષ સફળતાપૂર્વક સંપન્ન

**૮ યોજનાઓએ મોદીને ઘરે ઘરે લોકપ્રિય બનાવ્યા : વર્ષ ૨૦૧૪માં જે ઝળહળતો વિજય મેળવ્યો હતો તેનાથી પણ ભવ્ય વિજય વર્ષ ૨૦૧૯માં ભાજપ અને તેના સાથી ગઠબંધનોએ મેળવ્યો**

નવી દિલ્હી,તા.૨૬

નરેન્દ્ર મોદી બરાબર આજના દિવસે પહેલીવાર દેશના પ્રધાનમંત્રી બન્યા હતા. કેન્દ્રમાં મોદી સરકારને આજે ૮ વર્ષ પૂરા થયા. ૨૦૧૪માં જે ઝળહળતો વિજય મેળવ્યો હતો તેનાથી પણ ભવ્ય વિજય ૨૦૧૯માં ભાજપ અને તેના સાથી ગઠબંધનોએ મેળવ્યો. ઘરેલુ સ્તરથી લઈને વિદેશ નીતિ સુધી ભારતે એક નવું વિઝન ઊભું કર્યું જેની વિદેશમાં પણ ખુબ ચર્ચા છે. પહેલા કરતા પણ વધુ ભવ્ય વિજય મેળવવા પાછળ મોદી સરકારની કેટલીક યોજનાઓ પણ કામ કરી ગઈ જેના વિશે ખાસ જાણવુ જોઈએ. આ એ જ યોજનાઓ છે જેણે લોકોના જીવનસ્તરમાં સુધારો કર્યો અને તેના પગલે મોદી સરકાર લોકોના હદય સુધી પહોંચી. જ્યારથી





કેન્દ્રમાં મોદી સરકાર આવી છે તે આઠ વર્ષોમાં અનેક નવી યોજનાઓ શરૂ કરાઈ છે. ભાજપના અધ્યક્ષ જે પી નડ્ડાથી માંડીને અનેક મોટા નેતાઓનું પણ કહેવું છે કે એનડીએ સરકારે છેલ્લા ૮ વર્ષ દરમિયાન જનહિત અને દેશહિતમાં અનેક પગલાં લીધા છે તથા મહત્વકાંક્ષી યોજનાઓ અને કાર્યક્રમની શરૂઆત કરી છે. આ ઉપરાંત કાર્યપદ્ધતિ, નીતિઓ અને માપદંડોમાં પણ ધરખમ ફેરફાર કર્યા છે. એવી કેટલીક ૮ યોજનાઓ વિશે જાણીએ જે મોદીકાળમાં અત્યંત લોકપ્રિય બની છે. કેન્દ્ર સરકારનો એક ફ્લેગશિપ કાર્યક્રમ છે. ગરીબોને વિના મૂલ્યે સારી સ્વાસ્થ્ય સુવિધા ઉપલબ્ધ કરાવવાનો હેતુ છે.

આ યોજના અંતર્ગત ગરીબી રેખા નીચે આવતા પરિવારોને ૫ લાખ રૂપિયા સુધીની કેશલેસ સ્વાસ્થ્ય વીમા સુરક્ષા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ યોજના હેઠળ ૧૦ કરોડ પરિવારોના ૫૦ કરોડ સભ્યોને લાભ મળવાનો સરકારનો દાવો છે. પીએમ મોદીએ પોતે કહેલું છે કે આ યોજના હેઠળ ગંભીર બીમારીઓની સારવા માત્ર સરકારી નહીં ખાનગી હોસ્પિટલોમાં પણ થઈ શકશે. આ યોજનાનો હેતુ દેશના દરેક નાગરિકને બેંકિંગ સિસ્ટમ સાથે જોડવાનો છે. યોજનાની શરૂઆત ૧૫ ઓગસ્ટ ૨૦૧૪ ના રોજ થઈ હતી. વચેટિયાઓનો ત્રાસ દૂર કરવામાં આ યોજનાએ ભાગ ભજવ્યો છે કારણ કે ડાયરેક્ટર બેનિફિટ ટ્રાન્સફર સ્કીમની સફળતા પાછળ આ યોજના કારણભૂત છે. અત્યાર સુધીમાં ૪૫ કરોડથી વધુ ખાતા આ યોજના હેઠળ ખુલ્યા છે.

**લવ ઈન્ડિયા ફાઉન્ડેશન ફોર એજ્યુકેશન (લાઈફ)**

દ્વારા સંચાલિત

**પ્રેમધારા શિશુવિહાર / હાઈસ્કૂલ માટે**

**જોઈએ છે શિક્ષકો**

રસ ધરાવતા ઉમેદવારોએ નીચે જણાવેલ સરનામે તા. ૧૦/૬/૨૦૨૨ સુધીમાં નામ, સરનામું, શૈક્ષણિક લાયકાત, ફોન / મોબાઈલ નંબર તેમજ પોતાની સંપૂર્ણ વિગત સાથે અરજી કરવી. સાથે પ્રમાણપત્રોની નકલ જોડવી

| | | |
|---|---|---|
| પીટીસી/બી.એ., બી.એડ | ૦૨ | ધોરણ ૧ થી ૪ માટે |
| બી.એ./એમ.એ. બી.એડ (અંગ્રેજી) | ૦૧ | ધોરણ ૫ થી ૧૨ માટે |
| બી.એ./એમ.એ. બી. એડ (ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, સમાજશાસ્ત્ર) | ૦૧ | ધોરણ ૫ થી ૧૦ માટે |
| બી.કોમ./એમ.કોમ., બી.એડ (એકાઉન્ડ, આંકડાશાસ્ત્ર, વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન) | ૦૧ | ધોરણ ૧૧-૧૨ કોમર્સ માટે |
| બી.એસ.સી., બી.એડ (ગણિત, વિજ્ઞાન) | ૦૧ | ધોરણ ૫ થી ૧૦ માટે |
| બી.કોમ. (એકાઉન્ટ, કોમ્પ્યુટર, ટેલી, ઈન્ટરનેટના જાણકાર | ૦૧ | ક્લાર્ક / સુપરવાઈઝર |

**પ્રેમધારા શિશુવિહાર/હાઈસ્કૂલ**

ઈ-૨૩, વિડીયોકોન ઈન્ટરનેશનલ લી. ના મકાનમાં 'ડી માર્ટ'ની સામે, જીઆઈડીસી, સેક્ટર-૨૬, ગાંધીનગર-૩૮૨૦૨૮

મો. નં. ૯૦૯૯૯ ૫૨૫૨૯, ૯૭૩૮૬૮૯૩૩૨

Email ID : Premdharaschool@yahoo.in